# ક્રિકેટ મેચની ટીકીટના કાળાબજાર ગાંધીનગરમાં પણ !!

## સેકટર-૧૬ સ્થિત બેકમાં નો સ્ટોક અને પંટરો પાસે ઓવર સ્ટોક છતા ધૂમ વેચાણ : રૂ.૧૫૦ની ટીકીટ રૂ. ૬૦૦માં વેચી

ગાંધીનગર, તા.૫

ભારત-શ્રીલંકા ક્રિકેટ મેચને લઈ કાળા બજારીયાઓ મેદાનમાં આવી ગયા છે. ગાંધીનગર સે-૧૬માં આવેલ ઈન્ડિયન બેંક આગળ આજે બે અજાણ્યા પંટરો ઓછા ભાવની ટીકીટોને ઉંચા ભાવ વેચતા નજરે પડતા હતા. અમદાવાદમાં મંગળવારે કર્મચારીઓ અને પોલીસે ટીકીટની કાળા બજારી કરી હતી. ક્રિકેટ રસિયાઓ તડકામાં ત્રણ ત્રણ કલાક ઉભા રહી વિલા મોઢે પરત ફર્યા હતા.

ગાંધીનગર અને અમદાવાદમાં ક્રિકેટ ફીવર જોરદાર જામ્યો છે. આવતીકાલ ગુરુવારે મોઢેરા સ્ટેડિયમ ખાતે ભારત-શ્રીલંકા મેચ યોજાઈ રહી છે ત્યારે ક્રિકેટના શોખીનો લાઈવ મેચ જોવા માટે ટીકીટ મેળવવા પડાપડી કરી રહ્યા છે. ક્રિકેટના ચાહકોની મજબુરીનો કેટલાક લોકો લાભ લઈ રહ્યા છે.

ગાંધીનગરના સે-૧૬માં આવેલ ઈન્ડિયન બેંકમાં ટીકીટોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. સામન્ય માણસો ટીકીટ ખરીદી શકે તે માટે ૧૫૦ રૂ. ટીકીટ ફી રાખવામાં આવી છે. પરતુ જેમ સિનેમા ગૃહમાં ટીકીટોની કાળાબજારી કરવામાં આવતી હતી તેવી રીતે પંટરો બ્લેકમાં ટીકીટ વેચતા નજરે પડતા હતા.

સે-૧૬ ઈન્ડિયન બેંક આગળ ઝાડ પાસે બાઈક પર બેસીને બે પંટરો આજે ખુલ્લામાં રૂ.૧૫૦ની ટીકીટને ૫૦૦થી ૬૦૦ રૂપિયા માં વેચી જેવો ગ્રાહક તેવો ભાવ માંગતા હતા. ત્યારે ટીકીટ ખરીદવા આવતા ચાહકો બેંકના દરવાજે લખેલું રૂ. ૧૫૦, ૨૦૦, ૨૫૦ની ટીકીટ મળશે નહિ તેવુ વાંચી પરત ફરતા હતા.

બ્લેકમાં વેચતા પંટરો ક્રિકેટ રસિકોને મામુ બનાવી ટીકીટનું વેચાણ કરતા હતા અમે દસ મિત્રો છીએ અને અમારી પાસે ચાર ટીકીટ છે જો તમાર જોઈએ તો ૧૫૦ વાળીના ૬૦૦ આપવા પડશે તેમ કહી વેચાણ કરતા હતા શહેરનાં ક્રિકેટ પ્રેમીઓ પાસેથી ટીકીટના નામે ખિસ્સા ખંખેરતા નજરે પડતા હતા.

ક્રિકેટ રસિયાઓ બે દિવસથી તડકામાં ચાર ચાર કલાક ઉભા રહેવા છતાં પણ ટીકીટ મળતી નથી. સેટીંગ દ્વારા ટીકીટોને બારોબાર બહાર વેચી નાંખવામાં આવે છે ત્યારે આવા પંટરો ઉપર પંજો મારવો જરુરી છે. બે દિવસ અગાઉ અમદાવાદમાં જ પોલીસ અને બેંકના કર્મચારીઓ ટીકીટોની કાળા બજારી કરતા કેમેરામાં કેદ થયા છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

## શંભુપ્રસાદ ટુંડીયાજીની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ મોરચાના ઉપાધ્યક્ષ પદે વરણી

ગાંધીનગર, તા.૫

ગુજરાત વિધાનસભા પૂર્વ ધારાસભ્ય, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને રાજયસભાના સાંસદ તેમજ દલિત સમાજના આસ્થાનું કેન્દ્ર એવા સંત સવૈયાનાથ સમાધિ સ્થાનના મહંતશ્રી શંભુપ્રસાદ ટુંડીયાજીની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી થતા પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ અને રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંગઠન અને સરકાર વતી અભિનંદન પાઠવ્યા છે.

શ્રી શંભુપ્રસાદજી બાલ્યકાળથી સંઘ વિચારને વરેલા છે અને દલિત સમાજમાં રહેલા કુરિવાજો નાબૂદ કરવામાં અને સામાજિક સુધારાઓ માટે વર્ષોથી કામ કરી સમાજ જીવનની અંદર આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેઓની અનુસૂચિત જાતિ મોરચામાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે વરણી થતા સમગ્ર રાષ્ટ્રના દલિત સમાજમાં ભારતીય જનતા પાર્ટીને મજબૂત કરવામાં તેમનો સહયોગ પ્રાપ્ત થશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# સે-૨માં ત્રાટકેલા તસ્કરોનો મંદિર અને મકાનમાં હાથફેરો

## મકાનમાં બનાવેલા સ્વામિનારાયણ મંદિરમાંથી આભુષણોની ચોરી : મંદિરની બાજુના બંધ મકાનમાંથી પણ ઘરેણા સાફ કરી ગયા..!!

ગાંધીનગર, તા.૫

શહેરનાં સેકટર-૨ વિસ્તારમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ સપાટો બોલાવી મુકયો હતો. સે-૨માં સ્થિતએક મંદિરના દરવાજાનો નકુચો તોડીને અને તેની બાજુમાં સ્થિત એક બંધ મકાનની જાળી તોડીને ઘુસેલા તસ્કરો આભુષણો અને દાગીનાની ચોરી કરી અંધારામાં ઓગળી ગયા હતાં. સે-૭ પોલીસે બંને ગુનાની ફરિયાદ લઈ તપાસ આરંભી છે.

સેકટર-૨-એ પ્લોટ નં. ૧૨૩૧/૧માં સ્વામિનારાયણ મંદિર બનાવવામાં આવ્યું છે. ગઈ રાત્રે મંદિરના ટ્રસ્ટી પ્રવિણબાઈ ભુદરભાઈ પટેલ મંદિરને તાળા મારીને નિકળ્યા હતા સવારે સાડા છ વાગ્યે મંદિર આવ્યા ત્યાં સુધીમાં તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. મંદિરના દરવાજાનો નકુચો તોડીને ઘુસેલા તસ્કરો ભગવાનની મૂર્તિ પરથી ચાંદીનું છત્તર, ચાર બુટ્ટી અને એક હાર મળીને રૂ. ૨૦ હજારના આભુષણોની ચોરી કરી હતી. તે ઉપરાંત મંદિરની બાજુમાં સ્થિત એક વેપારી હસમુખભાઈ પટેલના મકાન નં. ૧૨૩૨/૧માં પણ તસ્કરો ઘુસ્યા હતા હસમુખભાઈ પરિવાર સાથે દસ દિવસથી હૈદરાબાદ ગયા હતાં આજે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના મકાનમાંથી પણ ચોરી થઈ જવા પામી છે. બંધ મકાનની લોખંડની ગ્રીલ તોડીને બારીની ગ્રીલ કાઢી નાંખી અંદર ગુસેલા તસ્કરો રૂ. ૨૦ હજારની કિંમતના ચાંદીના ઘરેણા સાફ કરી ગયા હતાં. બંને ચોરી અંગે સે-૭ પોલીસે ગુનો નોંધી પી.આઈ. મીની જોસેફે વધુ તપાસ હાથ ધરી છે.

# ચિલોડામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત તંત્રનો સપાટો

## સમગ્ર વિસ્તારને ચોખ્ખો ચણાક બનાવાયો : ડીડીઓ-ટીડીઓએ જાતે નિરીક્ષણ કર્યું : કાયમી સ્વચ્છતા જાળવવા વેપારીઓને સૂચન આપ્યાં : આવતીકાલે સરપંચો-તલાટી કમ મંત્રીઓ સાથે બેઠક યોજાશે

ચિલોડા, તા.૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આજે જિલ્લા અને તાલુકા તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જિલ્લા વિકાસ અધિકારી સહિત અન્ય પદાધિકારીએ સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કર્યુ હતું અને કામી સ્વચ્છતા જાળવવા વેપારીઓને જરુરી સૂચનો પણ કર્યા હતા તેમજ આગામી તા. ૭મી નવેમ્બરે સ્થાનિક સ્વરાજના હોદેદારોની મીટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ચિલોડા ખાતે આજે હાઈવે પરના મુખ્ય સર્કલની આસપાસ અને પેટ્રોલ પંપ, સોમીલ, મીની શાક માર્કેટ, પોલીસ સ્ટેશન, દહેગામ રોડ, શિહોલી મોટી અને ગાંધીનગર તરફના માર્ગે આવેલ શોપીંગ કોમ્પ્લેક્ષ વગેરે વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ સ્વચ્છતા અભિયાનમાં ચિલોડા, પ્રાંતિયા અને શિહોલી મોટીના સફાઈ કર્મચારી દ્વારા સમગ્ર વિસ્તારને ચોખ્ખોચણાક બનાવી દેવામાં આવ્યો હતો. આ કાર્યનું જિલ્લા વિકાસ અધિકારી વિકટર મેકવાન, નાયબ વિકાસ અધિકારી ચૌહાણ સાહેબ, તાલુકા વિકાસ અધિકારી વી.આર. ચારેલ વગેરે અધિકારીએ નિરીક્ષણ કર્યું હતું. અને સમગ્ર વિસ્તારમાં કાયમી સ્વચ્છતા જળવાય તે માટે વેપારીઓને જરુરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમણે જો વેપારીઓ સહકાર આપે તો ઉચ્ચ સ્તરીય બેઠક પણ બોલાવવાની તાકીદ કરી હતી. આ ઉપરાંત તા. ૭મી નવેમ્બરે ચિલોડા સહિત આસપાસના ગામોના સરપંચો તેમજ તલાટી કમ મંત્રીઓની એક બેઠકના આયોજનની પણ જાહેરાત કરી હતી.

ચિલોડા સર્કલે અસંખ્ય કોમર્શિયલ કોમ્પ્લેક્ષો અને હાઈવે પરનું મુખ્ય જંકશન હોવાથી ખુબ જ મોટા પ્રમાણમાં વાહન વ્યવહાર અને અસંખ્ય લોકોની રોજબરોજની અવરજવર હોવાથી ગંદકીનું પ્રમાણ વધુ રહે છે. મોટા પ્રમાણમાં નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતાં આ વિસ્તારમાં ગંદકી દુર કરવી અનિવાર્ય છે. જો કે આ અભિયાન પત્યાં બાદ થોડાક સમયમાં જ દહેગામ રોડ પર આવેલ એક કોમ્પ્લેક્ષ નજીક કચરાનો ઢગ ઠલવાતાં આ બાબતની ચિંતાજનક નોંધ લેવી જરુરી બની છે.


(તસવીર : નટુભાઈ પટેલ)


સરકારી તંત્રની બેદરકારી વિશે સૌ જાણે છે. પણ તાદશ્ય જોઈ શકાય છે. સરકારશ્રી દ્વારા જે તે સમયે અધિકારીઓ માટે વાહનો ખરીદવામાં આવે છે. સમયાંતરે તેનો વપરાશ બંધ કરી દેવાય અને પછી તેનું શું થાય તે તો રામ જાણે. આવી જ સંખ્યાબંધ સરકારી ગાડીઓ ભંગાર હાલતમાં સે-૩૦ ખાતે મુકવામાં આવી છે. કહેવાતી સરકારી 'પ્રોસીજર'માંથી પસાર થઈ કયારે યોગ્ય નિકાલ આવશે તો કોઈનેય ખબર નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

## સી. એલ. મહેતાના માતૃશ્રીની સ્મૃતિમાં લોક-ભકિત સંગીત

ગાંધીનગરના અગ્રણી શ્રી સી.એલ. મહેતાના માતૃશ્રીની સ્મૃતિમાં લોક-ભકિત સંગીત કાર્યક્રમનું આયોજન આગામી તા. ૭મી નવેમ્બરના રોજ રાત્રે ૯ વાગે સેકટર-૭ની લગ્નવાડી ખાતે કરવામાં આવ્યું છે. આ લોક-ભકિત સંગીતના કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના વતની અને લોકસાહિત્યના મર્મજ્ઞ, સર્જન અને વિખ્યાત કલાકારશ્રી રાજભા ગઢવી અને તેમનું ગ્રુપ તથા ગાંધીનગરના વિખ્યાત લોક સાહિત્યકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવી ભકિત રસપાન કરાવશે.

# દહેગામમાં નજીવી બાબતે પિતરાઈ ભાઈની હત્યા...!

## પાણી ભરવાની બાબતે અગાઉ થયેલી બબાલની અદાવતમાં લાકડી અને છરી મારીને હત્યા કરી નાંખી

ગાંધીનગર, તા.૫

જિલ્લાના દહેગામ વિસ્તારમાં એક યુવાનની તેના પિતરાઈ ભાઈએ જ અન્ય ચારેક સાગરીતો સાથે મળીને હત્યા કરી નાંખવાની ચકચારી ઘટના બનવા પામી છે. જુની અંગત અદાવતમાં આજે બપોરે બોલાચાલી થયા બાદ લાકડી અને છરી વડે હુમલો કરી યુવાની હત્યા કરી દેવામાં આવી હતી. દહેગામ પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવીને હત્યાનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ ખાતે સ્થિત શિવનગર પાસેના છપરામાં રહેતા અને તગારાનો વ્યવસાય કરતા ૨૩ વર્ષીય યુવાન કિલુસિંગ માયાસિંગ ચિખલીકર સાથે થોડા સમય પહેલા તેના જ પિતરાઈ ભાઈ માનસિંગ લાલસિંગ ચિખલીકર સાથે પાણી ભરવાની નજીવી બાબતે માથાકુટ થઈ હતી ત્યારબાદ આજે બપોરે જૂની અદાવતને પગલે થયેલી બોલાચાલી બાદ મારામારી પર આવી ગયા હતા અને માનસિંગ તથા તેના અન્ય ૪ થી ૫ મિત્રોએ મળીને કિલુસિંગ પર છરી અને લાકડી વડે હુમલો કરી લોહી લુહાણ હાલતમાં છોડી મુકી ફરાર થઈ ગયા હતાં. બીજાના બાઈક પર બેસીને દહેગામ ખાતે સારવાર લીધા બાદ કિલુસિંગની હાલત વધુ ગંભીર થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જયાં તેનું મૃત્યુ નિપજયું છે. દહેગામ પીએસઆઈ એન.જે. પટેલે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૮

## તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્કીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્કીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્કીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

### સિનેમેક્સ

: સ્કીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્કીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્કીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્કીન-૪ :
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્કીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્કીન-૩ :
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

## આપની આજ

**મેષ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર છોટાલાલ દોશી (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૨૨૯/૫, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. મંગુબેન ચંદુજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. ટીંટોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. સોહનબેન શંભુજી ઠોકોર (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૫૬૮/૧, સેક્ટર-૧૩એ, ગાંધીનગર
- સ્વ. કાશીદેવી જગજીવનદાસ મેવાડા (ઉ.વ.૮૦) પ્લોટ. નં.૪૩૯/૧, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. નારણલાલ જેસંગલાલ પુરોહિત (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૫૫૮/એ-૫, સેક્ટર-૨૨, ગાંધીનગર